ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૨૨ કેસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આજે ૨૨ કેસ કોરોના પોઝીટીવના મળી આવતાં જિલ્લાના કુલ કેસની સંખ્યા ૧૧૯ થઈ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૭૮ કેસ અને શહેરી વિસ્તારમાં ૪૧ કેસ નોંધાયા છે.

ગાંધીનગર જિલ્લામાં કુલ કેસ ૧૧૯ થતાં જ તે રાજ્યમાં નોંધાયેલા સૌથી વધુ કેસોમાં ચોથા ક્રમે છે.

અમદાવાદ, વડોદરા, સુરત

## શહેરી વિસ્તારમાં ૪૧ અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૮ કેસ

પછી ગાંધીનગર જિલ્લો આવે છે. રાજ્ય સરકારની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ જિલ્લામાં ૨૦ દર્દી સાજા થતાં તેમને રજા આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તેમજ શહેરી વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે જિલ્લાનું તંત્ર પણ અવાક થઈ ગયુ છે.

આજે તંત્રએ ગાંધીનગર શહેર તેમજ તેની આસપાસના ૧૨ જેટલા ગ્રામ્ય વિસ્તાર અને કલોલ તાલુકામાં લોકડાઉનનો અમલ કડકાઈ સાથે કરવાની જાહેરાત કરી છે એટલુ જ નહિ પણ આ વિસ્તારોમાં હવે દૂધ અને દવા સિવાયની કોઈ દુકાન ખુલ્લી રહેશે નહિ. આ હુકમ ૧૭ મી મે સુધી અમલમાં રહેશે તેવી જાહેરાત પણ તંત્રએ કરી છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ કેસ

**આરોગ્યતંત્ર સહિત પંચાયતના વહીવટીતંત્રમાં હડકંપ, છાલામાં સ્ટાફ નર્સને કોરોના પોઝીટીવ : ઝુંડાલમાં ૩, વાવોલમાં ૨, રાંધેજા-બદપુરામાં ૧-૧ તો કલોલ હિંમતલાલ પાર્કમાં એક સાથે ૬ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક જ દિવસમાં ૨૦ કોરોનાના પોઝીટીવ કેસ નોંધાતા જિલ્લા આરોગ્યતંત્રમાં અવાક બની જવા પામ્યુ છે. આજ સુધીમાં ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા આ સૌથી વધુ કેસ છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૨૦ કેસ સાથે કુલ નોંધાયેલા કેસોની સંખ્યા ૭૮ થઈ છે. આજે નોંધાયેલા કેસો પણ લોકલ ટ્રાન્સમિશનથી થયા હોવાનું તંત્રનું તારણ છે.

આજે નોંધાયેલ કેસોમાં ગાંધીનગર તાલુકાના ૧૦, કલોલમાં ૮ અને માણસા-દહેગામમાં ૧-૧ કેસ છે. આજે નોંધાયેલ કેસમાં સાત મહિલા દર્દી છે. જેમાં એક દસ વર્ષની બાળકીનો પણ સમાવેશ થાય છે.

### જિલ્લામાં ક્યાં-ક્યાં કેસ

| | |
|---|---|
| વાસણા ચૌધરી | ૧ |
| પલસાણા | ૧ |
| શેરથા | ૧ |
| અડાલજ | ૧ |
| ખોરજ | ૧ |
| ઝુંડાલ | ૩ |
| વાવોલ | ૨ |
| છાલા | ૧ |
| રાંધેજા | ૧ |
| કલોલ શહેર | ૭ |
| બદપુરા | ૧ |

### પેથાપુરની મહિલા દર્દીને રજા અપાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામની ૫૯ વર્ષીય માતાના બે રિપોર્ટ નેગેટીવ આવતા આજે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. મિડિયાકર્મીના માતાને કોરોના પોઝીટીવ આવ્યો હતો. આજે હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ તેમને ૧૪ દિવસ હોમ ક્વોરોન્ટાઈન રહેવાની સૂચના પણ આરોગ્ય તંત્ર દ્વારા આપવામાં આવી છે.

ગાંધીનગર તાલુકાના ઝુંડાલમાંથી મળેલા ૩ કેસ એ અગાઉ ખાનગી કંપનીમાં ડિલવરી બોય તરીકે સેવા આપતા યુવાનના પરિવારના જ છે. આ યુવાનના પિતા તેના ભાઈ અને ૧૦ વર્ષીય ભાણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે કોબા પ્રેક્ષાભારતી ખાતેના ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં આ સભ્યોને રાખવામાં આવ્યા હતા. આજે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ૩ કેસ ઉપરાંત વાવોલના રોયલ એપાર્ટમેન્ટમાં ખાનગી કંપનીનો જે કર્મચારી પોઝીટીવ આવ્યો હતો તેના પરિવારના બે સભ્યોનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૨ કેસ

**ફાયરબ્રિગેડના જવાનનો રિપોર્ટ પોઝીટીવ : અમદાવાદ કોર્પોરેશનમાં ફરજ બજાવતો સેક્ટર-૫નો યુવાનને પોઝિટિવ આવતા અમદાવાદ સીવીલમાં દાખલ કરાયો**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આજે વધુ બે કેસ કોરોનાના પોઝીટીવ મળી આવ્યા છે. આજે મળેલા કેસમાં ફાયરબ્રિગેડના એક કર્મચારીનો કેસ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૧૭માં સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતો એક કર્મયોગી જે ફાયરબ્રિગેડમાં ફરજો બજાવે છે. તેને આજે સવારે કોરોનાના લક્ષણો જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

એવુ જાણવા મળેલ છે કે આ કર્મયોગી શાહઆલમ વિસ્તારમાં જ્યાં તેનો પરિવાર હોવાથી મળવા માટે ગયો હતો. જો કે આ કર્મયોગીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત બીજો એક કેસ સે. ૫ માંથી મળ્યો છે. જેને લઈ આરોગ્યતંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. સેક્ટર-૫માં યુવાન જે અમદાવાદ મહાનગરપાલિકામાં ફરજ બજાવતો તેનો રિપોર્ટ આજે પોઝિટિવ આવતા અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો છે. આમ આજે શહેરમાં પોઝિટિવના બે કેસ નોંધાયા છે. પરંતુ ગાંધીનગર મનપાની સત્તાવાર યાદીમાં એક જ કેસ દર્શાવાયો છે જ્યારે રાજ્યની યાદીમાં શહેરમાં બે કેસ દર્શાવાયા છે.

ગાંધીનગર શહેરમાં આજે મળેલા બે કેસ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૧ થઈ છે. જેમાંથી ૧૪ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે.



# દર્દીઓ મોડા દાખલ થતાં હોવાથી મૃત્યુદર વધ્યો : ગુલેરિયા

**વહેલી સારવારથી મૃત્યુદર ઘટી શકે છે, તબીબો સાથે બેઠક યોજી માર્ગદર્શન કર્યું : એઇમ્સના ડિરેક્ટરનો સોનેરી મંત્ર : કોરોનાના લક્ષણો જણાતા તુરત ટેસ્ટ કરાવો : પોતાની અને બીજાની જીંદગી બચાવો...**

અમદાવાદ,તા.૯

રાજયમાં અને ખાસ કરીને અમદાવાદ વધતા જતા કોરોનાનાન કેસોને લઈ મોડી રાતે દિલ્લી એઈમ્સના ડો. રણજીત ગુલેરિયા તેમની ટીમ સાથે અમદાવાદ આવી પહોંચ્યા હતા. સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધા બાદ એઈમ્સના ડાયરેક્ટરે જણાવ્યું છેકે, હોસ્પિટલમાં સારવાર સારી થઈ રહી છે. લક્ષણો જણાતા હોય તો ટેસ્ટ કરાવો.પોતાની અને બીજાની જીંદગી બચાવો. અહિંયા મોડા દાખલ થાય છે તેથી મૃત્યુદર વધ્યો છે. વહેલી સારવારથી મૃત્યુદર ઘટી શકે છે. લક્ષણ દેખાય તો લોકો તુરંત ટેસ્ટ કરાવે અને અહીંયા લક્ષણો લઈને દર્દી કોવિડ હોસ્પિટલમાં જાય છે. તો સ્ટાફ આટલા લક્ષણો પૂરતા નથી હજી અઠવાડીયું રહીને આવો એમ કહીને પાછા ધકેલે છે. ઉંમરલાયક લોકો અને ખાસ જેઓને બીમારી છે તેવા લોકોનું ધ્યાન રાખવું જોઈએ. લક્ષણ દેખાય તો તરત સારવાર માટે જવું જોઈએ.

આજે સવારે ૯ વાગ્યે ડો. રણજીત ગુલેરિયા તેમની ટીમ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પહોંચી હતી. આરોગ્ય વિભાગના સચિવ ડો. જયંતી રવિ, સિવિલમાં તાત્કાલિક એમ.એમ. પ્રભાકર સહિતના સિનિયર ડોકટરો સાથે કોરોનાની સારવાર અને તેની માહિતી અને પ્રેઝન્ટેશન અંગેની બેઠક યોજાઈ હતી.. ડો.રણદીપ ગુલેરીયા અને મનીષ સૂનેજાએ અમદાવાદ મેડી સિટી કેમ્પસમાં અસ્મિતા ભવન ખાતે સ્થાનિક તબીબો સાથે બેઠક યોજી તેમનું માર્ગદર્શન કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## સંપુર્ણ લોકડાઉન જાહેર થતાની સાથે જ

# શહેરના બજારોમાં મેળા જેવી ભીડ જામી

**નાગરિકોએ શાકભાજી અને કરિયાણાની ચીજવસ્તુઓ ખરીદવા માટે ઘરની બહાર દોટ મુકી સોશિયલ ડિસ્ટન્સીંગના લીરા ઉડયા : સે-૭, ૨૧, ૨૨ અને સે-૨૪ શોપિંગમાં આડા દિવસો કરતા પણ વધુ ભીડ જામી : સોશિયલ ડીસ્ટન્સીંગના લીરા ઉડયા : કોરાના સંક્રમણની દ્રષ્ટીએ ચિંતાજનક દ્રશ્યો જોવા મળ્યા**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર જિલ્લામાં કોરાનાના વધતા કહેરને ડામવા માટે સરકારે આજે અચાનક જ ડીસ્ટન્સીંગના લીરા ઉડયા હતા. રવિવારથી માત્ર દુધ અને દવાની દુકાનો જ ખુલ્લી રાખવાનો નિર્ણય લેવાતા શાકભાજી અને કરિયાણુ

### શાકભાજીના વેપારીઓએ ઉઘાડી લુંટ ચલાવી : મન ફાવે તેવા ભાવ વસુલ્યા

ગાંધીનગર જિલ્લામાં આજે અચાનક જ સંપુર્ણ લોકડાઉન જારી કરવાનો નિર્ણય લેવાતા બપોરની આકરી ગરમીમાં નાગરિકો શાકભાજી અને કરિયાણાની ચીજવસ્તુઓ ખરીદવા માટે ઘરની બહાર નિકળી પડયા હતા. શહેરના સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરોમાં ભારે ભીડ જોવા મળી હતી. આવા સંજોગોમાં શાકભાજીના મનફાવે તેવા ભાવ વસુલી શાકભાજીની લારીવાળાએ લુંટ ચલાવી હતી. કેટલાક ઠેકાણે શાકભાજીના ત્રણ ગણા વધુ ભાવ બોલાયા હતા. નાગરિકો પણ આગામી સપ્તાહ સુધી શાકભાજી નહીં મળવાની હોવાથી શાકભાજીના વેપારીઓએ ચલાવેલી લુંટનો ભોગ બન્યા હતા. બેફામ મનફાવે તેવા પૈસા પડાવતા શાકભાજી તેમજ ફ્રુટના વેપારીઓએ મોકાનો લાભ ઉઠાવ્યો હતો. જેના લીધે મધ્યમવર્ગના પરિવારોએ લાચાર સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો હતો.















શહેર તેમજ જિલ્લામાં તા ૧૭ મેં સુધીનુ સંપુર્ણ લોકડાઉન જારી કરતા ઘરમાં પુરાયેલા નાગરિકોએ આજે બપોરના આકરા તાપમાં નગરના શોપિંગ બજારોમાં નાગરિકોએ દોટ લગાવી હતી. જેના લીધે શહેરના શોપિંગ બજારોમાં મેળા જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. સોશિયલ ખરીદવા માટે સેકટરોમાં નાગરિકોની ભીડ જામી હતી. નાગરિકો છેલ્લા દોઢ મહીનાથી ઘરમાં પુરાયેલા છે ત્યારે આજે અચાનક જ સરકારની આ જાહેરાતના અંતે કોરાના સંક્રમણની દ્રષ્ટીએ ચિંતાજનક દ્રશ્યો જોવા મળ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસનુ સંક્રમણ વધતા રોજબરોજ કેસ વધી રહ્યા છે. અત્યાર સુધી જિલ્લામાં ૧૧૧ કેસ નોંધાયા છે. જયારે કેસની સંખ્યમાં સતત વધારો થતા સરકારે ગાંધીનગર જિલ્લામાં આગામી તા ૧૭ મેં સુધી સંપુર્ણ લોકડાઉન જારી કરી દીધુ છે. સંપુર્ણ લોકડાઉન અંગેની જાહેરાત થતા જ સેકટરવાસીઓ કરિયાણુ અને શાકભાજી ખરીદવા માટે સેકટરોમાં ઉમટી પડયા હતા. તા ૧૦ મેંથી શહેર અને જિલ્લામાં માત્ર દવા અને દુધનુ વેચાણ જ થશે. જયારે આ સ્થિતિ વચ્ચે આજે શહેરના શોપિંગ બજારોમાં મેળા જેવી ભીડ જામી હતી. સંપુર્ણ લોકડાઉનના અમલની જાહેરાત વચ્ચે આવતીકાલથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પણ નહીં મળે તે વાતનો અણસાર આવતા જ નાગરિકો ઘરમાંથી ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે બહાર દોડી ગયા હતા. બપોરના સમયે ઉનાળાની આકરી ગરમીમાં ૪૩ ડીગ્રી તાપમાન વચ્ચે પણ નગરજનોએ બહાર દોટ મુકી હતી. સેકટરોના શોપિંગ બજારોમાં શાકભાજી અને કરિયાણાની ચીજવસ્તુઓ ખરીદવા માટે ભારે ભીડ ઉમટી પડતા દોઢ મહીના બાદ શહેરમાં અચાનક જ ધમધમાટ જોવા મળ્યો હતો. સેકટરોમાં શાકભાજીની લારીવાળાઓ પણ લાઈનબધ્ધ ગોઠવાઈ ગયા હતા. શહેરના સે-૨૧, ૭, ૨૪,૨૨ અને સે-૬ ના શોપિંગ બજારોમાં શાકભાજી સહીત કરિયાણાની વસ્તુઓ ખરીદવા માટે નાગરિકો ઉમટી પડયા હતા. આ દરમિયાન સેકટરોના શોપિંગ બજારોમાં સોશિયલ ડિસ્ટન્સીંગના પણ લીરા ઉડયા હતા. સેકટરોના શોપિંગમાં આડા દિવસોથી પણ વધુ ભીડ જામી હતી. સે-૭ અને સે૨૧ માં ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. ટ્રાફિક પોલીસે પણ પાર્કીંગ યોગ્ય કરવા સહીત વાહનો દુર ઉભા રાખવા માટે પણ સતત નાગરિકોને અપીલ કરી હતી. અચાનક જ લોકડાઉનને વધુ કડક બનાવાનો નિર્ણય લેવાતા નાગરિકો હાંફળા ફાંફળા થઈને શાકભાજી તેમજ કરિયાણાની ખરીદી માટે ઘરની બહાર નિકળી ગયા હતા. જેના લીધે છેલ્લા દોઢ મહીનાથી સુનકાર જોવા મળતા નગરના શોપિંગ બજારોનો નઝારો બદલાયો હતો. કોરાનાની મહામારીને ડામવા માટે અત્યાર સુધી છેલ્લા દોઢ મહીનાથી નાગરિકો સતત ઘરમાં પુરાયેલા રહ્યા હતા. જયારે આજે સંપુર્ણ લોકડાઉનની જાહેરાત બાદ શહેરના શોપિંગ બજારોમાં સંક્રમણના જોખમને અનુલક્ષી ચિંતાજનક દ્રશ્યો જોવા મળ્યા હતા. સોશિયલ ડીસ્ટન્સીંગની વાત તો તદન વિસરાઈ ગઈ હોય તેવી સ્થિતિનુ નિર્માણ થયુ હતુ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com